**<u>સ્પે.એટ્રો.કેસ નં.૨૪/૨૦૨૩</u>**

**– <u>આંક – ૦૪ ની અરજી નીચે હુકમ</u> –**

(૧) અરજી તથા સમગ્ર રેકર્ડ વંચાણે લીધુ. પક્ષકારોના વિધ્વાન વકીલ શ્રીઓને સાંભળ્યા.

(૨) આ કામના આરોપી નં.(૧) દવે ક્રિમાબેન ડૉ/ઓ હરવદનભાઇ રસીકલાલ તથા નં.(૨) દવે રેણુકાબેન વા/ઓ હરવદનભાઇ રસીકલાલ નાઓએ આંક–૪ ની અરજી આપી જણાવેલ છે કે, " આ કામના ફરીયાદીએ અમો આરોપીઓ વિરૂધ્ધ તદ્ગન ખોટી હકીકતો વાળો હાલનો કેસ કરેલ છે. આ કામના ફરીયાદી અગાઉ અમો બંન્ને આરોપીઓ તેમજ પટેલ હરેશભાઈ સતીષભાઈના વિરૂધ્ધમાં તા.૧૫/૦૬/૨૦૨૩ ના રોજ સિધ્ધપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૭૦૩૦૨૩૦૬૧૯/૨૦૨૩ થી ઈ.પી.કો.કલમ ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ – ૧૩૫ તથા એટ્રોસીટી એકટની કલમ ૩(૧)(**r**)(**s**), ૩(૨) (૫–એ) મુજબ તદ્ધન ખોટી હકીકતવાળી ફરીયાદ આપેલી હતી. આ ગુનાના કામે પોલીસે ચાર્જશીટ રજુ કરતાં સદર કેસ કમીટ થઈ આપ નામદાર કોર્ટમાં ચાલવા ઉપર આવેલ છે જે એટ્રો. કેસ નં.૧૯/૨૦૨૩ થી આપ નામદાર કોર્ટમાં ચાલે છે. આ અમારા ઉપરના કેસમાં અમો આરોપીઓને આપ નામદાર કોર્ટે જામીન ઉપર મુકત કરેલા અને આરોપી પટેલ હરેશભાઈ સતિષભાઈ નાઓએ આગોતરા જામીન મેળવવા માટે નામદાર હાઈકોર્ટમાં R/Criminal Appeal No.1705/2023 થી અરજ દાખલ કરતાં તા.૧૦/૦૮/૨૦૨૩ ના રોજ નામદાર હાઈકોર્ટે તેઓને આગોતરા જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરેલો છે. આમ આ ફરીયાદી અગાઉ અમારા ઉપર કરેલા કેસમાં નામદાર કોર્ટે અમોને જામીન ઉપર મુકત કરતાં આ ફરીયાદી ગિન્નાઈ જઈ અમોને કોઈપણ રીતે હેરાન કરવાના બદઈરાદાથી પોતાને કાયદાથી મળેલા હકકો નો દુરઉપયોગ કરી હાલના કેસવાળો ખોટો બનાવ ઉભો કરી આ તદ્ધન ખોટી હકીકતવાળી ફરીયાદ દાખલ કરેલ છે. અગાઉ આ ફરીયાદીએ અમો આરોપીઓ તેમજ પટેલ હરેશકુમાર સતીષભાઈના વિરૂધ્ધમાં સિધ્ધપુર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૭૦૩૦૨૩૦૬૧૯/૨૦૨૩ થી ઈ.પી.કો. કલમ – ૪૯૮(ક), ૩૨૩,

૨૯૪(બી), ૫૦૬(૨), ૧૧૪ તથા એટોસીટી એકટ કલમ – ૩(૧)(**r**)(**s**), ૩(૨)(૫–એ) મુજબનો ગુનો દાખલ કરેલો તેમાં આરોપી પટેલ હરેશભાઈ સતિષભાઈ નાઓએ આગોતરા જામીન મેળવવા માટે નામદાર હાઈકોર્ટમાં R/Criminal Appeal No.1705/2023 થી અરજ દાખલ કરતા નામદાર હાઈકોર્ટે તેઓને આગોતરા જામીન ઉપર મુકત કરેલા છે. આ હુકમના પેરા નં.૬(૧) માં સ્પષ્ટપણે જણાવેલ છે કે "Prima facie on the perusal of FIR it seems to be the matrimonial dispute " આમ આ ફરીયાદી અને તેમના પતિ વચ્ચે લગ્નજીવનની બાબતમાં તકરાર છે અને અમો આરોપીઓની આ બાબતમાં કોઈ ભૂમિકા ન હોવા છતાં આ ફરીયાદી વારંવાર પોતાની જાતે ઈજાઓ કરી ખોટી હકીકતવાળા બનાવની સ્ટોરી ઉભી કરી વારંવાર આવી ખોટી ફરીયાદો કરે છે તેમજ દરેક બનાવમાં પોતાના ઘરના જ સભ્યોને સાક્ષી તરીકે દર્શાવવામાં આવેલા છે. આ કામના ફરીયાદીએ ડોકટરશ્રી સમક્ષ પોતાની હીસ્ટ્રીમાં લખાવે છે કે " હિરેનભાઈ દવે સાથે બીજા ૨ થી ૩ જણાઓએ મને તલવાર, કુહાડી, ધોકાનો માર માર્યો " તે રીતની હીસ્ટ્રી લખાવેલ છે. આ ફરીયાદીએ અમો આરોપીઓ વિરૂધ્ધ અગાઉ કરેલી ફરીયાદમાં અમારા નામો લખાવેલા છે અને અમારા નામ સારી રીતે જાણતા હોવા છતાં ડોકટરી સર્ટીફીકેટમાં નામ લખાવતા નથી. આ ફરીયાદી તા.૧૩/૦૮/૨૦૨૩ ના રોજ સારવાર માટે સિધ્ધપુર જનરલ હોસ્પિટલમાં સારવાર કરાવવા ગયેલા છે અને ડોકટરી સર્ટીફીકેટમાં ડોકટરશ્રી સ્પષ્ટપણે જણાવે છે કે Pt. was noted absent on 15-8-23,8.30 A.M. આપી આ ફરીયાદી તા.૧૫/૮/૨૦૨૩ ના રોજ ૮–૩૦ વાગે ગેરહાજર હોવાની હકીકત સર્ટીફીકેટમાં જણાવેલ છે. આમ આ ફરીયાદી (પેશન્ટ) તા.૧૩/૦૮/૨૦૨૩, ૧૪/૮/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન સિધ્ધપુર જનરલ હોસ્પિટલમાં હાજર નથી. આમ આ ફરીયાદી (પેશન્ટ) ને ડોક્ટરશ્રી તરફથી બીજી અન્ય હોસ્પિટલમાં રીફર કરેલા નથી કે ડીસ્ચાર્જ કરેલા નથી તે ડોકટરી સર્ટીફીકેટ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે. સદર ફરીયાદી (પેશન્ટ) સિધ્ધપુર જનરલ હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ થયેલા હોવા છતાં તે જ તારીખે એટલે કે તા.૧૩/૦૮/૨૦૨૩ ના રોજ ધારપુર મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં પોતાના મળતીયાઓ સાથે મળી જઈ ખોટા ડોકટરી સર્ટીફીકેટ મેળવેલ છે. તે ધારપુર મેડીકલ સર્ટીફીકેટ અને સીવીલ હોસ્પિટલ સિધ્ધપુરના મેડીકલ સર્ટીફીકેટને એક સાથે વાંચતા પ્રસ્થાપિત થાય છે. અમો આરોપીઓએ આ કામના ફરીયાદીને કયારેય પણ માર મારેલો

નથી કે ગાળો બોલી હથિયારોથી ઈજાઓ કરેલી નથી કે તેમને જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલેલા નથી પરંતુ આ ફરીયાદી વારંવાર અમો આરોપીઓ ઉપર ખોટી હકીકતવાળી ફરીયાદ કરી અમોને હેરાન પરેશાન કરી રહેલા છે અને પોલીસ દ્વારા પણ આ અંગેની પ્રાથમિક તપાસ કર્યા વગર ફરીયાદીની ખોટી હકીકતવાળી સ્ટોરી ઉપર આધાર રાખી અમો આરોપીઓની ધરપકડ કરતાં અગાઉ નામદાર સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ કોઈપણ નોટીસ આપ્યા વગર ધરપકડ કરી આ ગુનામાં સાત વર્ષની સજાની જોગવાઈ હોઈ જામીન ઉપર મુકત કરવા પોલીસને સત્તા હોવા છતાં અમો આરોપીઓ ઘણા દિવસો સુધી જેલમાં રહીએ તેવા બદઆશયથી અમોને નામદાર કોર્ટમાં રજુ કરેલા અને ઘણા દિવસો સુધી અમારે જયુડીશીયલ કસ્ટડીમાં રહેવુ પડેલ. આમ આ સમગ્ર હકીકત ઉપરથી પણ સ્પષ્ટ જણાઈ આવે છે કે પોલીસ પણ આ ફરીયાદી સાથે મળી જઈ આવી ખોટી ફરીયાદ દાખલ કરી અમોને હેરાન કરવામાં રસ ધરાવતા હોવાનું જણાય છે. આ ફરીયાદી પોતાની ફરીયાદમાં જણાવે છે કે "સિધ્ધપુર મંડી બજાર એક દવાખાનુ આવેલ હોઈ જે દવાખાનામાં રૂા.૧૦/- થી બીમાર માણસોની સારવાર કરવામાં આવતી હોઈ જેથી મારી દીકરી હીર ને લઈને સારવાર સારૂ મંડીબજાર ખાતે ગયેલી" તેવી હકીકત જણાવે છે પરંતુ સિધ્ધપુર મંડીબજાર વિસ્તારમાં બાળકોની કોઈ હોસ્પિટલ નથી અને આ ફરીયાદીના ઘરથી નજીકમાં સરકારી હોસ્પિટલ છે અને ત્યાં ફ્રી માં સારવાર થાય છે. પરંતુ આ ફરીયાદીએ અમો આરોપીઓના ઘર નજીક તેઓની હાજરી બતાવવા માટે આવુ ખોટું કારણ જણાવેલ છે. તેમજ કોઈ તટસ્થ કે નિષ્પક્ષ સાહેદોના નામ જણાવેલ નથી તેમના પોતાના જ સગા સબંધીઓને સાક્ષી તરીકે દર્શાવી હાલની ફરીયાદ આપેલી છે. સબબ વિનંતી અરજ કે :- આ કામના ફરીયાદીએ અમો આરોપીઓ વિરૂધ્ધ ખોટી હકીકત વાળી ફરીયાદ આપેલી હોઈ, અમો આરોપીઓને આ ગુનામાંથી ડીસ્ચાર્જ કરવા હુકમ કરવા મે. કરશો. "

(૩) આરોપીઓ તરફે આંક-૧૨ થી લેખિત દલીલો રજૂ કરેલ છે જે વંચાણે લીધી. તેમજ આંક-૫ થી માર્ક ૫/૧ તથા માર્ક ૫/૨ તેમજ આંક-૧૧ ના ડી.ઇ. લીસ્ટથી માર્ક ૧૧/૧ થી ૧૧/૩ ના દસ્તાવેજો રજૂ કરેલ છે જે વંચાણે લીધા.

(૪) શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ સખ્ત વાંધો લઇને જણાવેલ છે કે,

આ કામે ફરિયાદી તથા સાહેદોએ પોતાના સ્ટેટમેન્ટમાં જણાવેલ છે જેથી ફરિયાદ પક્ષને પુરતી તક આપવી જોઇએ. નામ.ગુજરાત હાઇકોર્ટે એટ્રોસીટીનો ગુનો બનતો નથી તેવુ જણાવેલ નથી કે ડીસ્ચાર્જ કરેલ નથી. એટ્રો.કે.નં.૨૩/૨૩ અને એટ્રો.કે.નં.૧૯/૨૩ એક જ ગુનો છે. એટ્રો.કે.નં.૨૩/૨૩ ના આરોપી છે તે આ કામના ફરિયાદીના પતિ છે. એટ્રો.કે.નં.૧૯/૨૩ ના આરોપી ક્રિમાબેન તે આરોપી હરેશભાઇ પટેલ સાથે ઇલલીગલ સબંધ છે તેની જાણ ફરિયાદીને થઇ ગયેલ. આ કામના ફરિયાદીના પતિ ડ્રાયવર છેલ્લા એક વર્ષથી ઘરે આવવાનુ ઓછુ કર્યુ અને ક્રિમાબેનના ઘરે રહેતા હતા. એટ્રો.કે.નં.૧૯/૨૩ ના આરોપી નં.૨ નાએ પણ મદદગારી કરેલ છે, મારઝુડ કરેલ છે તેમજ કપડા ધોવાના ધોકાથી માર મારેલ છે. જાતિ વિષયક અપમાનિત શબ્દો કહ્યા છે. નામ.ગુજરાત હાઇકોર્ટે આગોતરા જામીનના પેરા–૬ માં " મેટ્રોમોનીયમ ડીસ્પુટ હોવાનુ પ્રથમદર્શનિય જણાય છે. " તેથી જામીન મંજૂર કર્યા છે આથી ફરિયાદ ખોટી ઠરાવી નથી. પુરતા પુરાવા મળતા ચાર્જશીટ કરેલ છે. માત્ર ડૉકટર શ્રીના સારવારના સર્ટિફિકેટ નથી તેથી બનાવ નથી બન્યો તે આ તબક્કે ન માની શકાય. તેના પેરા–૧૧ માં નામ.ગુજરાત હાઇકોર્ટે નોંધેલ છે કે, હુકમના ઇન્ફલુયઅન્સમાં આવ્યા વગર નીચે નિર્ણય કરવાનો છે તેવુ નોંધેલ છે તેથી નામ.હાઇકોર્ટનુ ઓબ્ઝર્વેશનથી છોડી શકાય નહિ. ફરિયાદ પક્ષને તક આપવી જોઇએ તેથી હાલની ડીસ્ચાર્જ અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) બંન્ને પક્ષકારોની દલીલો સાંભળી તેમજ સમગ્ર રેકર્ડ ધ્યાને લીધુ. ડીસ્ચાર્જ અરજીના નિર્ણય સમયે જો આરોપીઓ વિરૂદ્ધ રજૂ થયેલ ચાર્જશીટમાં આક્ષેપિત ગુનાઓ સંદર્ભે એક પણ પ્રથમદર્શનિય પુરાવો જણાતો ન હોય અને ટ્રાયલના અંતે આરોપીઓને નિર્દોષ ઠરાવવાનો જ થાય તેવુ પ્રથમદર્શનિય રીતે જણાતુ હોય તો તેવા કિસ્સામાં આરોપીઓને ડીસ્ચાર્જ કરવો જોઇએ. જો આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુનાઓ સંદર્ભે ટ્રાયલ ચલાવવા માટે પુરતા અને વ્યાજબી પુરાવાઓ પ્રથમદર્શનિય રીતે જણાતા હોય તો ફરિયાદ પક્ષને પુરાવો રજૂ કરવા માટે તક આપવી જોઇએ તેવા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો છે. વધુમાં ડીસ્ચાર્જ અરજીના નિર્ણય સમયે અદાલતે રજૂ પુરાવાઓની ગુણદોષ ઉપર ઉંડાણપૂર્વક ચર્ચા કરવાની જરૂર નથી. આ કામે રજૂ થયેલ ચાર્જશીટ અને સાહેદોના નિવેદનો ધ્યાને લેતા આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ

ગુનો સાબિત કરવા માટે તક આપવા પુરતો પ્રથમદર્શનિય પુરાવો જણાઇ આવે છે. આ તબક્કે આ પુરાવાઓની વિગતવાર ઉંડાણપૂર્વક ચર્ચા કરવી જરૂરી નથી તે સંજોગોમાં વધુ ઉંડાણમાં ન ઉતરતા હાલના આરોપીઓ સામે ચાર્જ ફ્રેમ થઇ શકે તેટલા પુરતા પુરાવા હોવાનુ જણાઇ આવતુ હોઇ હાલની અરજી હેઠળ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

(૧) આરોપીઓની આંક–૦૪ ની અરજી આથી **નામંજૂર** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૬, માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ.૦૬–૦૨–૨૦૨૬
પાટણ.

(મહંમદઇરફાન અબ્દુલરઝાકભાઇ શેખ)
ચોથા એડીશ્નલ સેશન્સ જજ,
પાટણ
જજ કોડ નં.જીજે ૦૦૮૯૨

"એચ.એમ.ઠાકર"